
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

दीक्षान्विता भवतं ज्ञानाढ्यः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

—શ્રાવણ—ભાદ્રપદ—



પુસ્તક ૭૬ મું
અંક ૧૦-૧૧
૧૫ મી ઓગસ્ટ

વીર સં. ૨૪૮૬
વિ. સં. ૨૦૧૬
ઇ. સ. ૧૯૬૦

☆ ☆

असासए सरीरम्मि,
रइं नोवलभामहं ।
पच्छा पुरा व चइयव्वे,
फेणबुब्बुयसंनिभे ॥

આ શરીર પાણીના ફીણમાં ઊડતા પરપોટા જેવું નાશવંત છે, તેને પહેલાં કે પછી ગમે ત્યારે એક વખત છોડવાનું તો છે જ, તો પછી એવા અશાશ્વત શરીરમાં મને ચેન પડતું નથી, અર્થાત્ એવા ગમે ત્યારે, પડી જનારા શરીર તરફ મને પ્રેમ થતો નથી, એમ સાધક પુરુષ વિચાર કરે છે.

माणुसत्ते असारम्मि,
वाहि-रोगाण आलए ।
जरामरणघत्थम्मि,
खणं पि न रमामहं ॥

વ્યાધિ અને ભયંકર રોગોના ઘર જેવા આ મનુષ્ય દેહમાં મને જરા પણ એક ક્ષણ માટે પણ ચેન પડતું નથી. વળી એ દેહ હંમેશાં ઘડપણ અને મરણથી તો ઘેરાયેલો જ છે, એટલે એમાં રહીને એક ક્ષણ પણ લહેર કરવાનું મન થતું નથી, એમ સાધક પુરુષ વિચારે છે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | પર્યુષણ પર્વનું સ્તવન .... .... | (મુનિરાજ ભાસ્કરવિજયજી) | ૧૧૩ |
| ૨ | ” ” .... .... | ” | ૧૧૪ |
| ૩ | બંધન .... .... | (શ્રી બાલચંદ હીરાચંદ “સાહિત્યચંદ્ર”) | ૧૧૫ |
| ૪ | શ્રી વર્દ્ધમાન મહાવીર : ૨૭ | (સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા) | ૧૧૬ |
| ૫ | સમતા .... .... | (શ્રી બાલચંદ હીરાચંદ “સાહિત્યચંદ્ર”) | ૧૨૦ |
| ૬ | જિન દર્શનની તૃષા : ૧૬ | (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M.B. B. S.) | ૧૨૨ |
| ૭ | પર્યુષણ મહાપર્વની કૃતાર્થંચકતા .... | (ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ) | ૧૨૬ |


**પૂજા ભણાવવામાં આવી**–આપણી સભાની ઓગણએંશીમી વર્ષગાંઠ શ્રાવણ શુદ ત્રીજ ને મંગળવારના રોજ હોવાથી તે દિવસે સવારના નવ કલાકે સભાના મકાનમાં પ્રભુજી પધરાવી બાર વ્રતની પૂજા રાગ-રાગણી પૂર્વક ભણાવવામાં આવી હતી જે સમયે સભાસદ બંધુઓ ઉપરાંત અન્ય ભાઈ-બહેનોએ પણ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

## દુઃખદ અવસાન

શ્રીયુત્ મોહનલાલ દીપચંદ ચોકસી તા. -૮-૬૦ સોમવારના રોજ બાસઠ વર્ષની ઉંમરે અવસાન પામતાં જૈન સમાજે એક સેવાભાવી અને પ્રમાણિક કાર્યકર ગુમાવ્યો છે. મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ સાથે તેમ જ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ સાથે તેઓ વર્ષોથી સંકળાયેલા હતા. તેઓ વક્તા હતા તેમજ લેખક પણ હતા. તેઓ નમ્ર, માયાળુ અને પ્રેમાળ હતા.

તેઓ “સ્વયંસેવક” માસિકના તંત્રી હતા. અને મુખ્યત્વે તે માસિકમાં તેઓ જ લેખો લખતા હતા. તેમના યાત્રાના અનુભવોવાળા લેખો ખાસ વાંચવા જેવા છે. તેમાં તેઓએ એક વખત સૂચન કર્યું હતું કે સારનાથમાં આવેલા બૌદ્ધ મંદિર જેવું આપણું મંદિર હોય તો અન્ય ધર્મીઓને પ્રભુ મહાવીરનું જીવન સુંદર રીતે જણાવી શકાય. સારનાથમાં આવેલ બૌદ્ધ મંદિર ભગવાન બુદ્ધના જીવનના અનુપમ ચિત્રોથી ભરપુર છે.

શ્રીયુત ચોકસી આપણી સભાના વર્ષોથી લાઈફ મેમ્બર હતા. તેઓ કહેતા હતા કે સ્વર્ગસ્થ કુંવરજીભાઈની પ્રેરણાથી જ હું લેખક બન્યો છું. તેઓ આપણા માસિકમાં લેખો લખતા હતા. તેમના અમુક લેખો પ્રભાવિક પુરુષો નામના પુસ્તકોમાં છપાયેલાં છે. તેમની લેખન શૈલી વાંચકને રસ ઉત્પન્ન કરે તેવી હતી.

શાસનદેવ તેમના આત્માને શાંતિ આપો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૭૬ મું
અંક ૧૦-૧૧

શ્રાવણ-ભાદ્રપદ

વીર સં. ૨૪૮૬
વિ. સં. ૨૦૧૬

## પર્યુષણપર્વનું સ્તવન

( વિમલા નવ કરશો ઉચાટ કે વહેલા આવશું રે-એ રાગ )

ભવિયણ ભાવ ધરીને, પર્વ પર્યુષણ પાળજો રે.
ભાવે પ્રભુજીની ભક્તી કરીને, સમકીતને અજવાળજો રે;
દશ દ્રષ્ટાંતે દુર્લભ નરભવ, પામ્યા તે ફરીફરી મળે નવ,
નવ જીણી જયણાએ, જીવદયા સંભાળજો રે. ભવિયણ૦ ૧
આર્ય દેશ ને ઉત્તમ કુળ, જૈન ધર્મ ને સોવન કુળ;
મન મરકટને વશ કરીને, ધર્મની વાટે વાળજો રે. ભવિયણ૦ ૨
અઠ્ઠમ કરીને સ્વામીવાત્સલ્ય, બારસા સુણીએ દિલ ઉજ્વળ;
સાંવત્સરી પ્રતિક્રમણે ખમીખમાવી, વૈરવીરોધને ટાળજો રે. ભવિયણ૦ ૩
ચૈત્યપરીપાટી સંઘની સાથે, કલ્પસૂત્ર વહોરાવો હાથે;
આઠ દીવસ લગે અમર પળાવી, પાપ પડળ પખાળજો રે. ભવિયણ૦ ૪
ચોસઠ પહોરા પોસહ ઉચ્ચરીને, યથાશક્તિ તપ દાન કરીને;
વિધવિધ પૂજા સ્નાત્ર ભણાવી, કર્મ કઠિનને બાળજો રે. ભવિયણ૦ ૫
સુકૃતતણી કમાઈ ખરચીને, દેવ ગુરુ સ્વામીભક્તિ કરીને;
શાસનદેવની સહાય થકી, જે પાપ બધાં પ્રજાળજો રે. ભવિયણ૦ ૬
ભક્તિકંચન ભાસ્કર સેવા, લેવા શિવસુખ મીઠા મેવા;
આરાધો દેવાધીદેવા, ધર્મ રૂડો સંભાળજો રે. ભવિયણ૦ ૭

મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણપર્વનું સ્તવન

( ૨ )

( ન્યારી ન્યારી નિતાંત નહારી હો, ગતિ મોહ કરમતી–એ રાગ )

પામી પામી પૂરવ પુન્યે, હો ભવી! પર્વ પર્યુષણ પામી,
જન્મ જરા દુઃખ વામી. હો ભવી! પર્વ૦

સર્વ પર્વમાં ઉત્તમ પર્વ, સમતા સજી તજી દો ગર્વ,
ઉત્તમ જૈન ધર્મ કામી. હો ભવી! પર્વ૦ ૧

એકાદશ રીતે આરાધો, તપ કરીને શિવસુખ સાધો,
ચૈત્ય જુહારો શીશ નામી. હો ભવી! પર્વ૦ ૨

ચોસઠ પહોરા પોસહ કરીને, સાંવત્સરી પ્રતિક્રમણ ભાવ ધરીને,
કુથલી છોડી નકામી. હો ભવી! પર્વ૦ ૩

કલ્પસૂત્ર સુણવા દીલ ધારો, સંઘ સાથે ચૈત્યો જુહારો,
સ્વામીવચ્છલ કરો શિવગામી હો ભવી! પર્વ૦ ૪

છઠ્ઠ અઠ્ઠમ તપસ્યા મન ભાવો, વિધવિધ પૂજા સ્નાત્ર ભણાવો,
ગુરુભક્તિમાં નવ રાખો ખામી. હો ભવી! પર્વ૦ ૫

પ્રભાવના વરઘોડો ચડાવો, રાત્રિજગા અમર પળાવો,
વિત વાવરો નરભવ પામી. હો ભવી! પર્વ૦ ૬

દાન શીયળ તપ ભાવના ભાવો, જૈન શાસનનો ધ્વજ ફરકાવો,
ભાસ્કર ભવદુઃખ વામી. હો ભવી! પર્વ૦ ૭

મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બંધન

(સંસારના બંધનમાંથી છુટવા પ્રભુની પ્રાર્થના ભક્ત કરે છે.)

(મદિરા છંદ)

પાશ બંધનો દશે દિશાથી જકડાયો મુજ દુઃખ ઘણું,
દાખવજો મુજ માર્ગ જેહથી કો' રીતે હું મુક્ત બનું;
સ્ત્રીનું બંધન પુત્રતણું પણ બંધન મુજને મોહતણું,
સગાવાહલા બંધનરૂપી વિવિધ કાર્ય આકર્ષણનું. ૧

ધન મિલકતનું બંધન અવિરત રુંધાવે મુજ પ્રગતિપંથે,
આ મારું ને એ પણ મારું રાતદિવસ ઝંખના છતે;
મળશે આ કીમ મારું થાશે કવણ રીતથી મેળવવું,
ઉંઘ ન આવે અસ્થિરતાથી તળમળ મનની કેમ સહુ. ૨

મદિરા પીને જેમ લવે છે મદભર ચિત્ત રહે જેનું,
તેવું મારું ચિત્ત બન્યું છે અસ્થિર શાંતિરહિત માનું;
આમાં સુખ છે પેલું સુખ છે સુખ પાછળ હું દોડું છું,
પણ એ તાલી દેઈને નાસે હતાશતાનું ભાજન હું. ૩

વિજળી ચમકી અછતી થાએ ક્ષણક્ષણ જેમ ભુલાવે છે,
સંધ્યા રાગ વિવિધ સોનેરી રંગ અપૂર્વ ધરાવે છે;
તિમ સંસારતણું સુખ મુજને બંધન ક્ષણિક જણાએ છે,
દોડી થાકયો તે પાછળ હું સ્થિરતા કયાં ન મનાએ છે. ૪

અછતી થાશે ક્ષણમાં એ તો જે લાગે છે મુજ રુડી,
વિલોભનીયા લક્ષ્મી દીસે અસ્થિર ચંચળ એ કુડી;
અડે ન જેને સંત મહાત્મા બંધન માને એહતણું,
પંપાળુ છું તેને કેવો અજાણ મુજને એ માને. ૫

મેહેલ મળ્યા છે વાડી ગાડી ધન મણિરત્નો બહુ રુડા,
પણ એ મોહતણા ધૂતારા સેવક છે જાણે કૂડા;
દાખવતા સુખ ઘસડી ચાલે ભવગર્તામાં એહ સહુ.
બંધન એ સહુ કિમ કરી છુટશે નિબિડ આકરા તીવ્ર બહુ. ૬

સંત ગણાતા કેઇક મોહીયા રડવડીયા સંસાર વિષે,
હું પામર મુજ બંધન છુટશે દાખવજો એ કેમ જશે;
ક્ષણક્ષણ પજવે બંધન મુજને અનાદિના બહુ દુઃખભર્યા,
જે તોડીને કેઈક મહાત્મા આ ભવજલનિધિ સ્હેજ તર્યા. ૭

વિશ્વંભર જગદીશ દયાઘન જિનેન્દ્ર તુજ ચરણે પ્રણતિ,
દુઃસહ બંધન કેમ છુટશે દાખવ હે પ્રભુ! મુજ વિનતિ;
તારો માર્ગ ન જાણું પામર હું અજ્ઞાન વિમોહિત છું,
બંધન તોડી વિમુક્ત કરજે હું બાલેન્દુ વિનવું છું.

કવિ સાહિત્ય-ચંદ્ર બાલચંદ હીરાચંદ માલેગામ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૨૭

**અશ્વગ્રીવનો દૂત :**

મહારાજા અશ્વગ્રીવ વિદ્યાધરના પણ પતિ ગણાય, કારણ એણે વૈતાઢ્ય શ્રેણીને પણ પોતાની આણા નીચે આણી મૂકી હતી. એ મોટા રાજાનું બાતમી ખાતું ઘણું તેજ હતું. એને સમાચાર સાંપડ્યા કે વિદ્યાધર જ્વલનજટી પોતાની પુત્રીને પરણાવવા પોતનપુર જાય છે અને તુરત બીજા સમાચાર મળ્યા કે વિદ્યાધર પુત્રી સ્વયંપ્રભાના લગ્ન ત્રિપૃષ્ઠ સાથે થઈ ગયા, એટલે એના ગુસ્સાનો પાર રહ્યો નહિ. એને તુંગગિરિના સિંહને મારી નાખવાના બનાવથી ક્ષોભ તો થયેલો જ હતો. તેમાં આ લગ્નની વાત સાંભળી એટલે એને પોતાના દૂત મારીચિના અપમાન થયાની વાત પણ યાદ આવી ગઈ અને હવે તો કોઈપણ રીતે એ ઉદ્ધત છોકરા ત્રિપૃષ્ઠને બેસાડી જ દેવો જોઈએ એમ તેણે ધાર્યું. અત્યાર સુધી એ ત્રિપૃષ્ઠ બાળક છે, જરા તોફાની છે એમ એને લાગતું હતું પણ હવે તેને લાગ્યું કે આ વાત ઠીક નથી. હંમેશા થતા વ્યાધીને અને ઉગતા શત્રુને શરૂઆતથી જ દાબી દેવો જોઈએ એવી રાજનીતિ છે, એટલે એણે વાતને ઉપાડી લીધી.

આવી બાબતનું કાર્ય તે યુગમાં દૂતો કરતા, દૂત સર્વ પ્રકારની નીતિના જાણકાર હતા અને તેમની વાત કરવાની છટા અને અવલોકન કરવાની ટેવને પરિણામે વાતનો સાચો તાગ આવી શકતો. એટલે પોતાના એક ખાસ મોટા દૂતને અશ્વગ્રીવ મહારાજાએ તૈયાર કર્યો. તેને સર્વ સૂચના આપી અને વિદ્યાધરપતિ અને પોતનપુરના રાજા સાથે કેવી રીતે વાત કરવી તેને માટે પૂરતી સૂચના આપી સદર દૂતને પોતનપુર મોકલ્યો. લગ્નકાર્યથી પરવારી વિદ્યાધરપતિ જ્વલનજટી પણ હજુ પોતનપુરમાં જ હતા અને વિદ્યાધરો અને ભૂતળવાસી માનવીના સંપર્કના લ્હાવા લઈ રહ્યા હતા. મહારાજા અશ્વગ્રીવનો દૂત પ્રજાપતિ પાસે પહેલો ન જતાં આ વિદ્યાધરપતિ પાસે ગયો. વિદ્યાધરપતિ શહેરની બહાર આવેલા ખાસ નિવાસસ્થાનમાં આનંદ કરી રહ્યા હતા. તેની પાસે આ ખાસ દૂત આવ્યો. વિદ્યાધરપતિને ખબર આપી દૂત તેમની રજાથી હાજર થયો. યોગ્ય પ્રણામ કરી જ્વલનજટી સામે તે બેઠો અને પછી હાથ જોડી અત્યંત નમ્રતાપૂર્વક વાત શરૂ કરી.

'મહારાજ ! હું મહારાજા રાજરાજેશ્વર અશ્વગ્રીવ તરફથી આવું છું.' દૂતે શરૂઆત કરી.

વિદ્યાધરપતિએ જવાબમાં કહ્યું : 'બહુ સારુ, મહારાજા સુખમાં છે ને ? તેમની તબિયત સારી ચાલે છે કે ? હવે તો જરા આધેડ વય થઈ, ઘડપણને કાંઠે આવ્યા, એટલે મહારાજાએ શરીર જાળવવું જોઈએ અને જુવાનીના ઉધમાતો ઓછા કરવા જોઈએ. ચાલો, સર્વ મજામાં તો છે ને ?'

પણ ખાસ દૂતને હા કે નાનો જવાબ આપી વાત ટૂંકી કરવી નહોતી. એ તો વિદ્યાધરપતિ માટે ખાસ સંદેશો લઈને આવ્યો હતો. એટલે એણે વાત તુરત રૂપાંતર કરી દીધી. એણે સવાલનો જવાબ ન આપતાં કહ્યું–'દેવ ! મહારાજા અશ્વગ્રીવની આણા અત્યારે તો દક્ષિણ ભરતાર્ધમાં સાર્વત્રિક થઈ ગઈ છે. ઘણાખરા રાજાઓ તેના તાબામાં આવી ગય. છે અને સર્વ વિદ્યાધરોએ અને ખાસ કરી વૈતાઢ્ય શ્રેણીના સર્વ વિદ્યાધરોએ એની આજ્ઞા માન્ય કરી છે, અત્યારે એનું સામ્રાજ્ય નિષ્કંટકપણે ચાલે છે અને એની સેવામાં ચૌદ હજાર મુકુટબદ્ધ રાજાઓ શિર ઝુકાવે છે.'

'અરે હા' જ્વલનજટીએ વાત ટૂંકી કરવા કહી નાખ્યું' 'એ સર્વ હકીકત તો દુનિયા જાણે છે, એમાં નવી વાત શી કહી ? એ વાત કહેવાની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાંઇ જરુર નથી. અત્યારે નાનું બચ્ચું પણ મહારાજા અશ્વગ્રીવની અનેક વાતો જાણે છે.'

'પણ મારા દેવ!' હવે નિષ્ણાત દૂતે વાત ઉપાડી. 'હું આપની પાસે મારા મહારાજાનો ખાસ સંદેશો લઇને આવ્યો છું. તમે સ્વસ્થ થઇને સાંભળો.'

'અરે દૂત! વિદ્યાધરો તો હંમેશા સ્વસ્થ જ હોય છે. તારે જે કહેવું હોય તે સીધે સીધું કહી નાંખ. તેમાં વળી આ લાંબીચોડી વાત કરીને નકામો વખત શા માટે પસાર કરે છે?' સરળ સ્વભાવના વિદ્યાધરપતિએ સીધો જવાબ આપી દીધો.

દૂતે હવે વધારે રાહ ન જોતાં કાર્યનિવેદન કર્યું 'મારા દેવ! તમારી પુત્રી સ્વયંપ્રભાને મહારાજા અશ્વગ્રીવના અંતઃપુરમાં મોકલી આપો. એની માગણી કરવા મને મહારાજા અશ્વગ્રીવે મોકલ્યો છે.'

કેમ કાંઈ અશ્વગ્રીવનું મગજ સડી ગયું છે! એને ખબર છે કે મારી પુત્રીના લગ્ન તો થઇ ગયા અને પ્રજાપતિના પુત્ર ત્રિપૃષ્ઠ સાથે વિવાહ સંબંધ બંધાઈ ગયો.' જ્વલનજટીએ ઠંડે કોઠે જવાબ વાળ્યો.

દૂતે જવાબ આપ્યો 'એ વાતની મહારાજા અશ્વગ્રીવને હમણા ખબર પડી અને ત્યાર પછી જ તેમણે મને તમારી પાસે મોકલ્યો છે, કાગડાને કંઠે મોતીની માળા ન શોભે, રત્ન તો રત્નાકરમાં જ શોભે. ભરતક્ષેત્રનું રત્ન અશ્વગ્રીવ સિવાય બીજાને ઘેર હોય નહિ.'

હવે જ્વલનજટી જરા ગરમ થયા 'તું શું બોલે છે? તારો રાજા તો ઘરડો થયો છે. તેના અંતઃપુરમાં અનેક સ્ત્રીઓ છે. ઘરડી ગાયને તે વળી કદી ટોકરા બંધાતા સાંભળ્યા છે?'

હવે ખાસ દૂતે જરા આગળ પગલું વાણીમાં લીધું 'જુઓ મારા દેવ! તમે પોતે પણ મહારાજા અશ્વગ્રીવના તાબાના વૈતાઢ્ય શ્રેણીના અધિકારી છો. અને શોધી શોધીને તમે કેવો છોકરો પસંદ કર્યો? તમે કુળ શું જોયું? માણસો કેવા જોયા? સગાંઓ કેવા શોધ્યા? આવા દીકરીને પરણનારના દીકરાને દીકરી આપી એ અન્યાય ટાળવાનો મહારાજા અશ્વગ્રીવનો નિર્ધાર છે. માટે તમે માની જાઓ.'

દૂતે આટલી વાત કરી એટલે જ્વલનજટીને જરા વધારે ગરમી આવી. એણે કહ્યું-'જો અશ્વગ્રીવ હવે ઘરડો થયો છે એટલે એની બુદ્ધિ પણ ઘરડી થઇ ગઈ હોય એમ લાગે છે. એને કહેજે કે દીકરીના દાન તો આખા જીવનમાં એક જ વાર હોય, એને ગમે તેને એક વાર આપી એટલે આપી, એ દાન કાંઈ બે વાર થતા નથી. આપેલ વસ્તુ પાછી લેવાતી નથી એટલું તો મહારાજા સમજે છે ને? માટે હવે ડાહ્યો ડમરો થઇને ચાલ્યો જા.'

હજુ વધારે સમજાવવાનો પ્રયત્ન દૂતે ચાલુ રાખ્યો 'જુઓ મારા દેવ! ક્યાં પ્રજાપતિ રાજા અને ક્યાં અશ્વગ્રીવ મહારાજા! તમારો પગ એના પેંગડામાં સમાય નહિ, એવો રાજરાજે વર તમારી પાસે માગણી કરે અને તમે તે પાછી વાળો તેમાં તમે તમારું હિત જોતા નથી. આવા ભ્રષ્ટાચારી અધમ અવ્યવહારુ અને નરપિશાચના પુત્રને પુત્રી આપવી તેના કરતાં તો એને દૂધ પીતી કરવી એ યોગ્ય ગણાય. અને ક્યાં અશ્વગ્રીવનું રાજરાજે વર વિદ્યાધર કુળ અને ક્યાં આ નીચ અધમ નરરાક્ષસ દીકરીના પતિ પ્રજાપતિનું કુળ! તમે હજુ પણ વિચાર કરો.'

'તું હવે બસ કર! હું વધારે નિંદા સાંભળવા તૈયાર નથી. બધી હકીકત જાણીને ઉઘાડી આંખે દીકરીને આપી છે, તેમાં હવે તલતુશ જેટલો પણ ફેર થનાર નથી. ચાલ હવે નકામી અર્થ વગરની વાત પડતી મૂક અને તારે રસ્તે ચડી જા.' જ્વલનજટી પણ રીતસરના જવાબ આપવામાં કુશળ હતો. એણે ત્રિપૃષ્ઠની શક્તિ પર જ પોતાની દીકરીના લગ્ન કર્યા હતા. એણે કુળવાનપણાને અંગે કરેલા આક્ષેપનો જવાબ ન વાળ્યો, કારણ કે એની નજરમાં એ વાતનું જરાપણ મહત્ત્વ નહોતું. એને દીકરી માટે સશક્ત ઉગતા યુવાનની યોગ્યતા લાગી હતી અને અત્યાર સુધીના અનુભવે તેની જમાઇ અંગેની સર્વ ધારણા પાર પડી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ખાસ દૂત પણ ભારે કુશળ હતો. એણે રાજનીતિના પ્રયોગ આદર્યા. સામમાં ન ફાવ્યો એટલે દંડનીતિ ધીમે ધીમે આગળ ધરી. તેણે ચલાવ્યું–' મારા દેવ ! તમે અશ્વગ્રીવને ઓળખ્યો નથી. એ તો ધારે તો તમારા જેવા સેંકડોને એક ચપટીમાં ચોળી નાંખે. તમારા જેવા ભૂલ કરે તો તેને સુધારવી એ મહારાજાનું કામ છે તમે રત્નને ઉકરડામાં નાંખતા હો તો તમારી ભૂલ સુધારી ભૂલેચૂકે ઉકરડામાં નાંખેલ રત્નને એને યોગ્ય સ્થાનમાં નાખી આપવું અને એની યોગ્ય જતના કરવી એ મહારાજાનું જીવનરહસ્ય છે અને આવા રાજ રાજેશ્વરની રાણી થવાની તક ગુમાવે તેવી મૂર્ખાઈ તે કોઇ સમજુ માણસ કરે ? ક્યાં રાજા ભોજ કે ક્યાં ગાંગો તેલી ! અને આ તો ગાંગા તેલી જેવા પણ ન કહેવાય. તેલી ભલે તેલનો વેપાર કરતો હતો, પણ પોતાની દીકરીને પોતાના અંતઃપુરમાં બેસાડતો નહોતો, પોતે એની સાથે વિષયસુખ સેવતો નહોતો, એનામાં તો કુળવટ ખૂબ હતી. અને તમે ગોતી ગોતીને શું ગોત્યું ? હજુ પણ વિચાર કરો.' દૂતે એક પછી એક કમાન ફાયરવા માંડી.

જ્વલનજટીને આ વાત વધારે ચલાવવા દેવી યોગ્ય ન લાગી. એ પોતે મક્કમ વિચારનો શુદ્ધ ચારિત્રશીલ અને વ્યવહારનીતિનો જાણકાર હતો. એણે દૂતને ચૂપ રહેવા કહ્યું. દૂતે જણાવ્યું કે એના પરિણામ આકરા આવશે. જ્વલનજટીએ એ વાતની દરકાર નથી એમ કહી વાત ટુંકામાં પતાવવા પ્રયત્ન કર્યો. દૂતે મહારાજા અશ્વગ્રીવ જેવાને ગુસ્સે કરવાના પરિણામો તરફ વિદ્યાધરપતિનું ધ્યાન ખેંચ્યું, જ્વલનજટીએ વ્યવહારનીતિ અને દાનરીતિની વાત કરી અને હવે એ બાબતમાં તો કાંઇ થઇ શકે તેમ નથી. દીકરીનાં દાન થઇ ચૂક્યાં છે અને દીકરી કુંવારી હોત તો પણ પોતે આધેડ મટી ઘરડા થતા જતાં અશ્વગ્રીવને તો કદી આપત જ નહિ. એમ જણાવ્યું એટલે દૂતને આઘાત થયો. છેવટે એણે એ જ દૂત મારફત અશ્વગ્રીવને કહેવરાવ્યું કે ' જરા નીતિ નિયમને તો વિચારો, મોટા રાજા થયા છો એટલે ગમે તેવું બોલી શકાય, ગમે તેમ વર્તી શકાય ! આ રીતે તો તમારા મોટા રાજ્યની કોઇપણ કુળસ્ત્રીની આબરુ કાયમ ન થઇ શકે ? હવે ઘડપણમાં તમને શું થયું છે ? દીકરીના સોદા તે વારંવાર થતા હશે ? છતાં તમારા મનમાં હામ હોય તો અહીં આવી સ્વયંપ્રભાને લઇ જજો. તે હવે મારી નથી કે મારી પાસે નથી.' આટલી વાત કહી એણે દૂતને પાછો વિદાય કર્યો.

ખાસ દૂત પોતાને સોંપેલું બેવડું કાર્ય કરવા પોતનપુર આવ્યો હતો. તે ત્યાંથી સીધો રાજા પ્રજાપતિના મહેલે ગયો. તેની મરજી જ્વલનજટી કાંઇપણ હકીકત પ્રજાપતિને કરે તે પહેલાં તેનામાં કેટલું સત્વ છે તેનો તાગ લેવાની હતી. પ્રજાપતિ અત્યારે રાજમહેલમાં હતો. રાજસભા તો સાંજે મળતી હતી. ખાસ દૂત રાજા પ્રજાપતિ પાસે આવ્યો. પોતે અશ્વગ્રીવ પાસેથી આવે છે એવા સમાચાર કહેવરાવ્યા એટલે રાજપદ્ધતિ પ્રમાણે રીતસર કપડાં પહેરી ખડી સવારીએ તેને મુખ્ય મંદિરના મિલનગૃહમાં પ્રજાપતિ મળ્યો.

દૂતે રાજા પાસે બે વાત મૂકી. પ્રથમ વાત એ કરી કે સ્વયંપ્રભા જેવું સ્ત્રીરત્ન પોતનપુરમાં શોભે નહિ, હાથી હોય તે તો હાથીથાને જ કે મહારાજમંદિરે જ બંધાય અને રત્ન તો દરિયો જ સંઘરી શકે, માટે સ્વયંપ્રભાને મહારાજા અશ્વગ્રીવના મંદિરે મોકલી આપો અને અત્યારે મહારાજાને ખાસ સેવાની જરુર છે માટે તેણે બંને છોકરાઓ ત્રિપૃષ્ઠ અને અચલને રત્નપુરીએ રાજરાજેશ્વરની સેવામાં મોકલી આપવા. દૂતે કહ્યું ' હવે તમે ઘરડા થયા છો અને તમને સેવા કરવી આ વયે ફાવે નહિ એટલે તમને તસ્દી આપવાનું ઠીક ન લાગવાથી મહારાજાએ પુત્રોની સેવા માંગી છે અને તમને આ હુકમ સીધો સંભળાવવા મને આજ્ઞા કરી છે '

રાજા પ્રજાપતિ તો આવા વિચિત્ર પ્રકારના બંને હુકમ સાંભળી સડક જ થઇ ગયા. એની નજરે અશ્વગ્રીવ ઘણો મોટો રાજા હતો, પોતે તો

For Private And Personal Use Only

એનો સામંત હતો, જે રાજાની સેવામાં સોળહજાર મુકુટબદ્ધ રાજા હોય અને જેનો રાજવૈભવ ચક્રવર્તી જેવો હોય અને જેની સેના અપરંપાર હોય તેની સાને હોડ કરવી એમાં રહેલું જોખમ રાજા સમજતો હતો. પણ અશ્વગ્રીવની બંને માગણીઓ એવી તો ભયંકર હતી કે કીડીનો ખાધેલો માણસ પણ આવી માંગણીનો સ્વીકાર કરી શકે નહિ. છતાં એ પોતાનું બળ જાણતો હતો, ધારે તો અશ્વગ્રીવ પોતાને કચરીને હાલહવાલ કરી નાંખે એટલી મોટી એની સમૃદ્ધિ છે એ સર્વ વાત એના ખ્યાલમાં હતી, એટલે એણે પોતાનો ગુસ્સો દબાવી રાખી માત્ર એટલું જ કહેવરાવ્યું કે 'મારી વય થઈ છે. પણ શક્તિ કાયમ છે અને બંને છોકરાઓ તો હજુ બાળક છે આપનો જ્યારે હુકમ થશે ત્યારે મારી સેવા આપને ચરણે સદા કાયમ છે. જ્યારે સેવક યોગ્ય કામ પડે ત્યારે હુકમ કહેવરાવજો. નાના બાળકો રાજકારણમાં કે લડાઈમાં, સેવામાં કે સત્કારમાં, રાજસભ્યતામાં કે રાજસભાના વિવેકમાં શું સમજે ? અને મહારાજાને કહેશો કે સ્વયંપ્રભાના લગ્ન તો ત્રિપૃષ્ઠ વેરે ક્યારના થઈ ગયા છે. અને આર્યનીતિ પ્રમાણે અને વિદ્યાધર કુળમાં પણ લગ્ન તો એકવાર જ થાય છે, આપણી લગ્નગ્રંથી એકવાર બંધાયા પછી છૂટી શકતી નથી, કારણ કે ધર્મશાસ્ત્ર પ્રમાણે લગ્ન એ તો સંસ્કાર છે માટે એ બાબતમાં કાંઈ થઈ શકે તેમ નથી.' આવો ગોળ ગોળ જવાબ આપ્યો.

દૂતે એ સંબંધમાં મહારાજા અશ્વગ્રીવનો આગ્રહ જણાવ્યો એણે ભાર મૂકીને કન્યારત્ન પોતાના મહારાજાને મોકલી આપવા કહ્યું, પણ એ બીજા મુદ્દા પર તો પ્રજાપતિ નમ્રતાપૂર્વક મક્કમ હતો એટલે અંતે દૂતે પ્રજાપતિ પાસેથી રજા લીધી. દૂત નિવાસગૃહમાંથી બહાર નીકળ્યો ત્યાં અચળ અને ત્રિપૃષ્ઠનો તેને ભેટો થઈ ગયો. અચળે તેને આગમન કારણ પૂછ્યું. દૂતે બંને હકીકત કહી સંભળાવી, તેનો જવાબ પિતાએ શું આપ્યો તે પૂછવાની દરકાર કર્યા વગર ત્રિપૃષ્ઠે તો આ દૂતને ખખડાવી નાંખ્યો. તેણે કહ્યું કે-'તારા રાજાને કહેજે કે દુનિયામાં દીકરીના માગાં સાંભળ્યા છે, બૈરીના માગાં હોય નહિ. અને બુઢ્ઢિયા રાજાને થયું છે શું ? એણે તો હવે માળા જપવી જોઈએ, એને બદલે ઘડપણમાં પણ એને ચામડા ચૂંથવાના કોડ થયા છે ! અને અમ બંને ભાઈઓને રતનપુર રાજસેવા માટે બોલાવ્યા તેના જવાબમાં તારા રાજાને કહેજે કે અમને બંનેને રાખી શકો તેવા મહેલો તમારે ત્યાં બંધાવો, હાથીને યોગ્ય સ્થાને હાથી બંધાય. તમારા ઉકરડામાં હાથી આવે નહિ અને અહીંનો વૈભવ જાણવો હોય કે શક્તિનાં મૂલ કરવા હોય તો દૂત ચંડવેગને પૂછી જોજે, એ તો અહીંથી નાશો થઈને ગયો. અને તારી આવી વિચિત્ર માંગણીને અંગે તને તો હજાર ફટકા મારવા જોઈએ, તારા રાજાને કહેજે કે બોલાવવા પહેલાં બાંધવાનાં સ્થાનો બંધાવો, માર ખાવાને માટે માથાં તૈયાર કરો અને ગામની સ્ત્રીઓની કુલીનતા જાળવો. રાજાના સિંહાસન જાળવવાં એ કાંઈ કાચાપોચાનાં કામ નથી. એ તો માથાં સાટેનાં માલ છે. તુંગગિરિની પડખે ચાતરી શકતા નહોતા, એ ભૂલી ગયા ? હવે તો સિંહપુરના ખેતરોના ચોખ્ખા ખાધા કરો અને મોજ કરો. તું ચાલ્યો જા. દૂત હોવાથી ધર્મનીતિ પ્રમાણે તું અવધ્ય છે, બાકી આવી જાતની અધમ તુંડાઈ અને નીચ માગણીના બદલામાં તારા હાલ તો ચંડવેગના કરતાં પણ ખરાબ કરવા જોઈએ. તારા રાજાને કહેજે કે હવે માથા પરના બાલ સફેદ થઈ જવા આવ્યા છે, છતાં જીવ ઠેકાણે નથી; અને તેમ છતાં પણ સ્વયંપ્રભા જોઈતી હોય તો અહીં આવો અને ખબર પડશે કે કેટલી વીશુએ સો થાય છે.'

દૂત તો આવો પડકાર સાંભળી સડક બની ગયો. તેણે આવા સામંત રાજ્યમાંથી નમ્રતા અને ખુશામતની આશા રાખી હતી. અને રાજા પ્રજાપતિમાં એણે મક્કમતા સાથે નમ્રતા જોઈ પણ; ત્રિપૃષ્ઠનું તેજ અને એની ભાષા એને ભારે આકરા લાગ્યા. આવા નાનકડા રાજાના પુત્રમાં આટલો રોફ શેનો અને આવી ગજા વગરની શેખાઈ કેવી ? અચળ કાંઈ કહેવા જતો હતો તેને સાંભળ્યા વગર કે રાજા પ્રજાપતિની મહેમાનગીરિનો જરા પણ લાભ લીધા વગર એ તો ધુંવાફુંવા થઈને મહારાજા અશ્વગ્રીવની રાજધાની રત્નપુરને માર્ગે પડી ગયો.

( ક્રમશઃ )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમતા

લેખક—બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર-માલેગામ

સમતા એટલે સરખાપણું. મન, વચન અને કાયાની સમતુલા. કોઈ પણ કાર્યની સિદ્ધિ થવામાં આ ત્રિકરણની ત્રિશુદ્ધિ થવાની જરૂર હોય છે. એ ત્રિકરણ જેટલા પ્રમાણમાં એકતાનતા મેળવે છે તેટલા જ પ્રમાણમાં કાર્યની સિદ્ધિ અપેક્ષિત હોઇ શકે. એ ત્રિકરણની શુદ્ધિમાં મન ઘણી અગત્યનું કરણ હોય છે. આપણે શરીરને સ્થિર કરી શકીએ, તેમ જ વચન પણ પઢિત પોપટની પેઠે ઉચરી જઇએ, પણ મન એવું વિચિત્ર સ્વભાવ ધરાવે છે કે ગમે તેટલા પ્રયત્ને પણ તે સ્થિર રહી શકતું નથી. એની જુદી જ ખટપટ ચાલુ હોય છે. જ્યાં સુધી મનની સ્થિરતા સંભવતી નથી ત્યાં સુધી શરીરની અને વાણીની સ્થિરતા બધી વ્યર્થ થઇ જાય છે. એકાદ વ્યસની માણસ ગમે તેવા શુભ કાર્યમાં જોડાયેલ હોય છતાં તેને પોતાના વ્યસનની પૂર્તિ માટે એટલી બધી તાલાવેલી લાગેલી હોય છે કે એ બધું ભૂલી પોતાના વ્યસનની પૂર્તિની ઝંખના કરતો હોય છે અને શરીરને પણ વિચલિત કરી નાંખે છે, અને અપ્રસ્તુત વાણી મુખેથી બકે જાય છે. એવા માણસને ત્રિકરણનો યોગ સધાય છે, પણ એ પોતાના વ્યસનની પૂર્તિ માટે હોય છે. એનું પરિણામ શું આવે? એના આત્માને શામાં સમાધાન થાય? અને કઈ વસ્તુમાં આનંદ આવે? એ એની ત્રિકરણની સાધના કેવળ એના આત્માને મલિન કરી અનંત ભવોના ખાડામાં પાડવાને કારણભૂત થાય એ દેખીતું છે. માટે જ કાયાવાણી અને મનની એકતા સાધવાની હોય છે તે શુભ કાર્ય માટે જ હોવી જોઇએ.

રશિયા અને ચીન જેવા કોમ્યુનિસ્ટ દેશો સમતાની વાતો કરે છે, પણ એમની એ સમતા કાંઈક જુદા જ પ્રકારની હોય છે. એમણે ધારેલી સમતા પ્રાપ્ત કરી લેવા માટે જો લાખો માણસોનો સંહાર થતો હોય અગર સંપત્તિની રાખ થતી હોય, દેશ ઉજ્જડ થઈ જતો હોય છતાં તેમના મનમાં દયાનો, નીતિનો, સજ્જનતા કે પ્રમાણિકતાનો છાંટો પણ જાગતો નથી. તેમને પોતાના સાધનો નીતિનિયમોને અનુસરતા છે કે નહીં એ જોવાની જરૂર હોતી નથી. આત્મા કે ઇશ્વર જેવી વસ્તુઓ એમના મનમાંથી ક્યારની નિકળી ગયેલી હોય છે. ધર્મ નામની કોઇ વસ્તુ જગતમાં હોઈ શકે એવી કલ્પના એમના મનને સ્પર્શતી પણ નથી. એવી હોય છે એમની સમતા! સંપૂર્ણ જડવાદ એમના રગેરગમાં પરિણમેલો હોય છે ત્યારે કોઇપણ કાર્યમાં જે સાધનો જોઇએ તેની શુચિતાની તેમને શી જરુર હોય? અર્થાત્ એમના આગેવાનોના મનમાં જે કલ્પના જાગી જાય તેની પૂર્તિ કરવામાં જ તેઓ માને છે. પૂર્વના કોઈ જ્ઞાનીઓએ પોતાના અનુભવજ્ઞાનથી જે કાંઇ કહી રાખેલું હોય તેનો વિચાર કરવા જેટલી પણ ફુરસદ એમને હોતી નથી. તેઓ માને છે કે, જેમ નાના બાળકને તે રડે નહીં તે માટે અફીણની ગોળી તેને આપવામાં આવતી તેમ ધર્મ એ પણ એક જાતની અમલ ઉત્પન્ન કરનારી ગોળી જ છે. ધર્મને લીધે લોકો બીજું કોઇ પણ કાર્ય કરવાનું સામર્થ્ય ગુમાવી બેસે છે. એવી હોય છે એ કહેવાતા સમતાવાદી કોમ્યુનિસ્ટોની સમતા!

પૂર્વોક્ત વિવેચન ઉપરથી જોવામાં આવે છે કે આ આધુનિક કાળની સમતા એક ભયંકર શાપ જેવી વસ્તુ છે. દયા, ક્ષમા, શાંતિ, પરોપકાર વૃત્તિ કે એવા આત્મિક ગુણો માણસમાં ખીલે એની અગત્ય તેઓ જોઈ શકતા નથી. પોતાના સ્વાર્થ માટે ગમે તેવું પાપ કરવામાં તેઓ કાંઈ ભૂલ થાય છે એવું એમને લાગતું નથી. એમની ન્યાયની કોર્ટો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક કારસ જેવી હોય છે. જે માણસને તેઓ માથે ચડાવી તેને તેઓ દેવની જેમ પૂજે છે, તેને બીજે જ ક્ષણે ફાંસી ઉપર લટકાવી દેવાના. એવી ઘટના તેઓ સમતાના નામ ઉપર કરે જાય છે. મજુર હોય કે શેઠ હોય, ન્યાયાધીશ હોય કે ખેડૂત હોય, કવિ હોય કે ભીખારી હોય, બધાઓએ એક સરખું જ કામ કરવું જોઈએ. એવી એમની નીતિ હોય છે અને બધું બધાઓને સમાનતા મળવી જોઈએ, તે માટે કરીએ છીએ એવી એમની માન્યતા અને ચોપણા છે.

વાસ્તવિક જોતા સમતા એટલે બંધુભાવ અને મનની એકાગ્રતા એવો અર્થ અભિપ્રેત હોવો જોઈએ. એ ભાવ ચરિતાર્થ કરવા માટે જે જે કૃતિ કરવામાં આવે તે તે કૃતિ સમભાવ માટે કરાય છે એમ માનવું જોઈએ. સમાજમાં કે ધર્મકાર્યમાં બધાઓને સરખું જ માન અને સરખો અધિકાર મળે તો કલહના અને અસમતાના બીજો નષ્ટ થઈ જાય પણ એમ બનતું નથી. અને તેથી જ આપસમાં અણગમો અને અનિચ્છનીય ઘટનાઓ બને જ જાય છે.

યોગ સાધના એટલે એ જ મન, વચન, કાયાની સમતા અને એકાગ્રતા. એવી એકાગ્રતા જ યોગીજનો ધારણ કરે છે. અને તેને લીધે જ તેઓ આત્માનુભવ કરી શકે છે એકાગ્રતા અગર સમતાને લીધે અનેક જાતના કર્મના આવરણો આપણે દૂર કરી શકીએ છીએ, અને એવા આવરણો કે ઢાંકણો દૂર થવાથી આત્માનું ઝળહળતું તેજસ્વી સ્વરૂપ જ્ઞાનચક્ષુ આગળ પ્રગટ થાય છે. અને એને લીધે જ યોગીજનો અગમ્ય સુખ અને આનંદનો અનુભવ કરી શકે છે. પણ એવો અનુભવ મળવા પહેલા જગતની બધી જ જડ વસ્તુઓ અને ઘટનાઓ ભૂલી જવી પડે. નાટક જોનાર જેમ નાટક જોતી વખતે અન્ય બહારની વસ્તુઓ ભૂલી એકતાન થઈ નાટકની ઘટનાઓ સાથે એકરૂપ થઈ તેમાંના બનાવોને સત્ય માની તદાકાર બની જાય છે, અને નાટ્યમાં બતાવવામાં આવતા શોકરસ સાથે એકરૂપ થઈ રડી પડે છે. અને વીરરસ સાથે મનને પરોવી શરીરમાં સ્ફુરણા અનુભવે છે. અગર શૃંગાર રસ સાથે પોતાને જોડી આકુલ વ્યાકુલતા અનુભવે છે. એવી સમતા અને એકતાનતા યોગસાધનામાં અનુસ્વાવી જોઈએ. તો જ તેનું પરિણામ સાચા રૂપમાં આપણને અનુભવવામાં આવે. બાહ્ય ક્રિયા બરાબર ચાલે પણ તેની સાથે અંતરંગ જોડાએલું ન હોય તો બધી ક્રિયા નિષ્ફળ જાય એમાં આશ્ચર્ય નથી.

સામાયિકના ક્રિયા એ એવા યોગમાર્ગની પ્રાથમિક ક્રિયા છે. અર્થાત્ એ યોગસાધનાનું પ્રથમ પગથિયું છે. આપણે સામાયિકો કરીએ છીએ. અને તેની ગણત્રી કરીએ છીએ. સામાયિકના ચડાવા બોલવામાં આવે છે. મેં આટલી સામાયિકો કરી એવી જાહેરાત કરવામાં આવે છે. એવી સામાયિકો કરનારા એટલું જ સમજે છે કે એક આસન ઉપર બેસી અમુક સૂત્રો અનુક્રમે બોલી ઠરાવેલ રીતે ૪૮ મિનિટો પુરી કરવી એટલે સામાયિકનું ફળ મળી ગયું. તેઓ જો વિચાર કરે કે એ ક્રિયા કરતા મનની જરા જેવી પણ સ્થિરતા સધાઈ કે નહીં? ત્રિકરણની સાધના આત્માને જરા જેવી પણ ઉપકારક થઈ કે કેમ? તો એને પ્રત્યક્ષ અનુભવમાં આવશે કે, એની બધી સાધના જડક્રિયા જેવી નિવડેલી છે.

આપણું જડ દેખાતું ઉદારિક શરીર છે, તેને જ આપણે આપણું સર્વસ્વ માની તેને અનુસરી આપણી બધી જ ક્રિયાઓ ચાલેલી હોય છે. તેથી જ આપણે ક્રિયાનું રહસ્ય સમજી શકતા નથી. અને આપણી એવી અર્થશૂન્ય જડ ક્રિયા જોઈ એ બાબતનું રહસ્ય નહીં સમજનારા ભણેલાઓ આપણી મુહપત્તિની પ્રતિલેખનાની ક્રિયા તરફ કુત્સિત દૃષ્ટિથી જુએ છે અને આવી ચિથરા ચુંથવાની ક્રિયાથી શું લાભ થાય? એવો અસંગત પ્રશ્ન કરે છે. એને જો એ ક્રિયાનું પ્રાત્યક્ષિક મુહપત્તિનો બોલો અને ભાવના દર્શન સાથે કરી બતાવવામાં આવે તો એનો ભ્રમનિરાસ થઈ એવી ક્રિયા કેવી શુદ્ધ ભાવનાની પોષક છે અને એની દરેક હીલચાલ સાથે કેવું રહસ્ય સંકળાએલું છે એ જાણવામાં આવે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિનદર્શનની તૃષા

(૧૬)

લેખક : ડૉ. ભગવાનદાસ મન:સુખભાઈ મહેતા M. B. B. S.

## અધ્યાત્મમાં નય પરિશીલન

આ તો પરસ્પર નિરપેક્ષ એવા અન્ય દર્શનીઓના એકાંતિક નયવાદની–નયાભાસની વાત થઈ, પણ પરસ્પર સાપેક્ષ એવા નયવાદ જે હે ભગવાન્! તમારા પ્રમાણભૂત અનેકાંત સિદ્ધાંતના વિશિષ્ટ અંગભૂત છે, તે પણ સમજવો દુર્ગમ–દુર્ઘટ છે. તે તે નયની સમ્યક્ અપેક્ષા લક્ષમાં રાખ્યા વિના તેના વાગ્જાલરૂપ પ્રયોગમાં ફસાઈ ગયા તો તેમાંથી છૂટવું દુષ્કર છે અને તત્ત્વનું દર્શન થવું દુર્લભ છે–કે જેને અમે અત્યંત ઝંખીએ છીએ, અને 'અભિ-

---

હાલના ભણેલાઓ પણ તે તરફ જરૂર આકર્ષાય એમાં શંકા નથી. પણ આપણી પ્રવૃત્તિ જ એવી કાંઈક વિચિત્ર બની ગઈ છે કે ફક્ત વૈરાગ્યની અને ત્યાગની મોટી મોટી વાતો કરે જવી અને બીજાઓને નાસ્તિક જેવા શબ્દોથી નવાજવા અને પાશ્ચાત્ય કેળવણીની પેટ ભરીને નિંદા કરે જવી. તેમ જ હાલમાં વિકસિત થતા વિજ્ઞાનની શોધોની ટેકડી કરી તેમાંના ફક્ત દોષોનું જ વર્ણન કરે જવું. પણ આ બધું કરતા કરતા જ વિજ્ઞાનના બધા જ લાભો માગી લઈ તેનો યથેચ્છ વધારેમાં વધારે ઉપયોગ કરે જવું. એ કાર્યની વિસંગતિ તરફ આંખ આડે કાન કરી બોલે જવું એવી આપણને ખોટી ટેવ પડી ગયેલી હોય છે, સમતા સમજી સ્થાપન કરવામાં આપણે આવા કારણથી નિષ્ફળ નિવડીએ છીએ.

વિજ્ઞાનને તુચ્છ લેખી આપણે હવે પોતાનું જીવન જુદી કે જુની રીતીથી ઘડી શકીએ તેમ છે જ નહીં. રહેવું છે વીસમી સદીમાં અને વાતો કરવી છે બે હજાર વર્ષ પહેલાની! એવી વિષમતા શી રીતે ચાલી શકશે? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ઓળખી પરિસ્થિતિને અનુકૂલ થઈ આપણા તત્ત્વજ્ઞાનમાં નહીં. પણ આચારવિચારમાં આપણે સુધારો નહીં કરતા અમે તેમ જુનાનું સમર્થન કરતા રહીશું તો આપણે ધર્મમાં સમતુલા જાળવી શકવાના નથી. તેમ સમાજને સાચા માર્ગે દોરી શકવાના નથી. ઉલટું આપણે સમતા ગુમાવી વિષમતાને નોતરી રહીશું. બન્યું છે પણ તેમ જ. આપણા આવા એકાંત વર્તનથી જ આપણા સમાજમાં વિસંવાદી વાતાવરણ નોતરી રહ્યા છીએ. ધર્મના રહસ્યો લોકોને સમજાવવાની રીતિમાં ધરમૂળથી આપણે સુધારા અને ફેરફારો કરવા પડશે. ત્યારે જ આપણે જે અમૂલ્ય ધર્મ અને તત્ત્વજ્ઞાનનો વારસો પ્રાપ્ત કરી શક્યા છીએ તેને સાચવી તેનો પ્રચાર કરી શકીશું.

કાળ આપણા માટે થોભી જવા તૈયાર નથી. કાળને આપણે નહીં ઓળખીએ તો કાળ આપણને દૂર ફગાવી દેઈ આગળ કુચ ચાલુ રાખશે જ. સામાન્ય ભોળા અને અભણ ભગતોથી ધર્મને અને સમાજને ટકાવી રાખવાની વાતો કરે જવી એ હવે ચાલી શકે તેમ છે જ નહીં.

સમતા એટલે સામાયિક જેવી યોગક્રિયાના હેતુ અને તેમાં થતી દરેક હીલચાલને આધુનિક વિજ્ઞાનને અનુસરી સપ્રયોગ સમજણ જ્યારે લોકોને આપવામાં આવશે અને ઉદારિક શરીર સાથે વાસના, મન, બુદ્ધિ વગેરે એના અંગો વિજ્ઞાનની ભાષામાં સમજાવવામાં આવશે ત્યારે જ સમતાની આશા રાખી શકાશે. સમતા કાંઈ સખ્તાઈથી પેદા કરી શકાતી નથી. લોકોના મનની શક્તિ, તેમનું જ્ઞાન અને વિજ્ઞાન નજર સામે રાખી ઉપદેશ આપીને જ સમતાની સાધના કરી શકાશે. અન્યથા નહીં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નંદન જિન દર્શન તરસીએ' એમ નિરંતર પોકારીએ છીએ. અને હે ભગવન્! આપનો જે કંઈ ઉપદેશ છે તે તો જીવને તત્ત્વદર્શન કરાવવા માટે–પરમાર્થ પમાડવા માટે અમુક અમુક અપેક્ષા વિશેષના પ્રધાનપણાથી છે, 'उवएसो सो णओ णाम।' એટલે ઉપદેશ છે તે નય–અપેક્ષા વિશેષથી જીવને સન્માર્ગે દોરવણીરૂપ છે, 'સમજાવ્યાની શૈલી રૂપ' છે. 'ની' ( નય to lead ) ધાતુ પરથી વસ્તુસ્વરૂપ અંશે પ્રત્યે દોરી જાય તે નય,–એ શબ્દનો વ્યુત્પત્ત્યર્થ પણ એ જ સૂચવે છે. એટલે પાત્રભેદે કે પ્રસંગભેદે કે જ્યાં નિત્ય દેશના ઉપકારી લાગી તો ત્યાં દ્રવ્યાસ્તિક નયના પ્રધાનપણે ઉપદેશ કર્યો, જ્યાં અનિત્ય દેશના ઉપકારી લાગી તો ત્યાં પર્યાયાસ્તિક નયની મુખ્યતાથી ઉપદેશ કર્યો; અથવા અન્ય કોઈ અપેક્ષા કાર્યકારી લાગી, તો ત્યાં તેને પ્રધાનપદ આપી ઉપદેશ કર્યો. આમ તે તે નયને–અપેક્ષાવિશેષને આશ્રીને આપે સર્વત્ર તેવી તેવી ઉપદેશ પદ્ધતિ અંગીકાર કરી છે, કારણ કે ગમે તેમ કરી જીવની આત્મભ્રાંતિ દૂર કરી, તેને નિજ આત્મસ્વરૂપનો લક્ષ કરાવી 'ઠેકાણે આણવો' પરમાર્થ પમાડવો એ જ એક આપનો મુખ્ય ઉદ્દેશ હતો.

## અનેકાંત પરમાર્થ પ્રત્યે દોરી જાય તે નય: એકાંત તે નયાભાસ

નયચક્રના સમસ્ત આરા અનેકાંત વસ્તુસ્વરૂપ ધરી સાથે સંકળાયેલા હોઈ, પરમાર્થરૂપ મધ્યબિંદુની આસપાસ પ્રદક્ષિણા કરે છે, અને પરમાર્થ પ્રત્યે દોરી જાય છે. પિતાની સર્વ તનયો પ્રત્યે સમદૃષ્ટિ હોય, તેમ આપે પ્રણીત કરેલા અનેકાંત* પરમાર્થની સર્વ નયો પ્રત્યે સમદૃષ્ટિ જ હોય છે, ચક્રની પરિધિ પરનું કોઈ પણ બિન્દુ મધ્યબિન્દુથી સમાંતર ( Equi-distant ) હોય, તેમ નયચક્રનો પ્રત્યેક નય અનેકાંત પરમાર્થરૂપ મધ્યબિન્દુથી સમાંતર હોય છે, અને સર્વ નયનું મિલનસ્થાન પણ પુષ્પની કર્ણિકાની જેમ પરમાર્થરૂપ મધ્યબિન્દુ છે. પરંતુ છૂટા છૂટા વિશ્રૃંખલ, વ્યસ્ત, પરસ્પર નિરપેક્ષ નય તો મિથ્યાત્વરૂપ હોઈ દુર્નય અથવા નયાભાસ છે. એક શ્રૃંખલાબદ્ધ, સમસ્ત, એક પરમાર્થ પ્રત્યે લઈ જનારા પરસ્પર સાપેક્ષ નય સમ્યક્ત્વરૂપ હોઈ સુનય છે. એટલા માટે જ હે ભગવન્! નિરાગ્રહ એવી આપની અનેકાંતદૃષ્ટિ જેણે સમ્યક્પણે ઝીલી છે, એવા પરમાર્થદૃષ્ટિ પુરુષો અધ્યાત્મમાં નયપરિશીલન એવું સમ્યક્પણે કરે છે કે તેઓ દુર્નયને સુનયપણે ચલાવી, એકત્વ અભેદપણે ધ્યાવી, તે સર્વને પરમાર્થમાં સમાવી, તેનો વર્તનભેદ દૂર કરે છે, અર્થાત્ તે સર્વને પરમાર્થપ્રત્યયી+ બનાવે છે.

## તત્ત્વવિનિશ્ચય માટે નયવાદની વ્યવહારૂ ઉપયોગિતા

આ નયવાદ માત્ર શાસ્ત્રીય રસનો કે વાદવિવાદ માટેનો વિષય નથી, પણ વસ્તુસ્વરૂપ સમજવા અને પરમાર્થ પામવા માટેની અનુપમ યુક્તિવાળી સર્વ સમન્વયકારી સુંદર યોજના છે; અને એ જ એની વ્યવહારૂ ઉપયોગિતા ( Practical utility ) છે. જેમકે–સપ્તભંગી નય, એ કંઈ ભંગ જાણવામાત્ર નથી, પણ તત્ત્વનો અવિસંવાદી યથાર્થ વિનિશ્ચય દૃઢ કરાવનારી પરમ સુંદર યુક્તિ છે. તેનું અધ્યાત્મ પરિશીલન કરી આત્મા પર ઉતારીએ તો આત્મા स्वरूपेण अस्ति, पररूपेण नास्ति, આત્મા સ્વરૂપથી છે, પરરૂપથી નથી, ઈત્યાદિ પ્રકાર ફલિત થાય છે. અર્થાત્ સ્વ દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવથી આત્મા છે, પર દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવથી આત્મા નથી; આમ પરદ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવથી આત્મા ભિન્ન છે એવું તત્ત્વ વિનિશ્ચયરૂપ ભેદજ્ઞાન આથી વજ્રલેપ દૃઢ થાય છે. તેમજ–નય શબ્દના પરમાર્થ પ્રમાણે આગળ ને આગળ વસ્તુસ્વરૂપ પ્રત્યે દોરી જાય તે નય; અને

* "यस्य सर्वत्र समता नयेषु तनयेष्विव।
तस्यानेकान्तवादस्य क्व न्यूनाधिकशेमुषी॥"
શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મોપનિષદ્

\+ "દુર્નય તે સુનય ચલાયા, એકત્વ અભેદે ધ્યાયા;
તે સવિ પરમાર્થે સમાયા, તસુ વર્ત્તન ભેદ ગમાયા રે.
મનમોહના જિનરાયા."
—શ્રી દેવચંદ્રજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નૈગમાદિ નયપ્રકાર ઉત્તરોત્તર સૂક્ષ્મગોચર× છે, એટલે આ નયનો પ્રયોગ વસ્તુના ઉત્તરોત્તર સૂક્ષ્મ બોધરૂપ પરમાર્થ પ્રત્યે લઈ જવા માટે આત્માર્થીને અવશ્ય ઉપયોગી-ઉપકારી થઈ પડે છે. આત્માની ગુણદશારૂપ વિકાસક્રમમાં+ અને પ્રભુભક્તિથી પ્રાપ્ત ભાવસેવારૂપ આત્મપ્રગતિ આદિમાં નૈગમાદિ સાતે નયની સુંદર રસપ્રદ અને બોધપ્રદ પરમાર્થ ઘટના કરી શકાય છે.

## વ્યવહાર તીર્થ: નિશ્ચયતત્ત્વરૂપ તીર્થફલ

તેમજ-હે ભગવન્! આત્માર્થી જીવના પારમાર્થિક કલ્યાણાર્થે આપે નિશ્ચય અને વ્યવહાર એ બન્ને નયની સાપેક્ષ સમ્યક્ પ્રરૂપણા કરી છે. આર્ષસૂત્રમાં કહ્યું છે તેમ—" जइ जिणमयं पवज्जह, ता मा ववहार-णिच्छए मुयए । एगेण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्च "—જો તમે જિનમતને અંગીકાર કરતા હો-માનતા હો, તો વ્યવહાર અને નિશ્ચય મ મૂકજો; કારણ કે એક (વ્યવહાર) વિના તીર્થનો છેદ થાય છે, અને બીજા (નિશ્ચય) વિના તત્ત્વનો છેદ થાય છે. અર્થાત્ 'તીર્થ' એટલે તરવાનું સાધન, તારે તે તીર્થ, સંસારસમુદ્રને કાંઠે આણે તે તીર્થ. વ્યવહાર છે તે તરવાના સાધનરૂપ હોઈ તીર્થ છે, કે જેના વડે કરીને તત્ત્વરૂપ તીર્થફલ પ્રાપ્ત થાય છે; અને નિશ્ચય છે તે તીર્થફલરૂપ તત્ત્વ છે, વસ્તુનું નિજ સ્વરૂપ છે. જો વ્યવહારને મૂકી દઈએ અને એકાંત નિશ્ચયને ભજીએ, તો તીર્થનો ઉચ્છેદ થાય અને તીર્થફલરૂપ નિશ્ચય-તત્ત્વ પણ પમાય નહિ; અને જો નિશ્ચયને મૂકી દઈએ અને એકાંત વ્યવહારને ભજીએ તો તત્ત્વરૂપ તીર્થફલનો લક્ષ્ય નહિં હોવાથી, વ્યવહાર લક્ષ્ય વિનાના બાણની જેમ નિષ્ફળ થાય. માટે પરસ્પર સાપેક્ષપણે યથાસ્થાને પોતપોતાની મર્યાદા પ્રમાણે તે તે પાત્રવિશેષને અનુલક્ષીને વિનિયોજિત નિશ્ચય-વ્યવહાર માનવા યોગ્ય છે. કારણ નિશ્ચય-તત્ત્વરૂપ સાધ્યને નિરંતર લક્ષ્યમાં રાખી, વ્યવહારરૂપ તીર્થને જે સેવે છે, તે તીર્થફલરૂપ સાર તત્ત્વને-સમયસારને પામે છે, આ પ્રમાણવાર્તા છે.

"શકી ધરમ તીરથતણો, તીરથ ફલ તત્ત સાર રે;
તીરથ સેવે તે લહે, આનંદઘન નિરધાર રે....
ધરમ પરમ અરનાથનો."
(શ્રી આનંદઘનજી)

## નિશ્ચય-વ્યવહારના અધિકારી

હે ભગવાન્! આપના અનન્ય ભક્ત **મહર્ષિ હરિભદ્રાચાર્યજીએ** તેમના અષ્ટક ગ્રંથમાં પ્રકાશ્યું છે તેમ-'अधिकारिवशात् शास्त्रे धर्मसाधन संस्थितिः'-અધિકારી વશે શાસ્ત્રમાં ધર્મસાધનાની સંસ્થિતિ સમ્યક્ સ્થિતિ છે. અને **સમયસાર** જેવા નિશ્ચયનયપ્રધાન શાસ્ત્રમાં પણ નિશ્ચયનયના અને વ્યવહારનયના યથાયોગ્ય અધિકારીની સમુચિત મર્યાદા કઈ કઈ છે તેની સ્પષ્ટ પ્રરૂપણા મહાન્ **કુંદકુંદાચાર્યે** તેની સુપ્રસિદ્ધ બારમી× ગાથામાં કરી છે.-આત્મવસ્તુનું શુદ્ધસ્વરૂપ આદેશનારો 'શુદ્ધાદેશ' 'શુદ્ધનય.' નિશ્ચયનય પરમ ભાવદર્શીઓએ જાણવો યોગ્ય છે, પણ 'જેઓ અપરમ ભાવમાં સ્થિત છે' તેઓ તો 'વ્યવહારથી જ ઉપદેશાય છે.' આ પરથી સ્પષ્ટ સમજાય છે કે અધિકારી વિશેષ પ્રમાણે નિશ્ચયનય-વ્યવહારનયનો ઉપદેશ પ્રયોજનભૂત છે, અને તે અગ્નિતાપથી સુવર્ણશુદ્ધિના પ્રસિદ્ધ દૃષ્ટાંત દ્વારા સાંગોપાંગ સુઘટમાનપણે અનન્ય અદ્ભુત અનુપમ લાક્ષણિક શૈલીથી વિવરી દેખાડી સમયસારના મહાન ટીકાકાર **મહર્ષિ અમૃતચંદ્રાચાર્યજી**

---

× " एषु पूर्वः पूर्वो नयः प्रचुरगोचरः परः परस्तु परिमितविषयः । "
—**શ્રી યશોવિજયજીકૃત નયપ્રદીપ**

+ આત્મામાં નયઘટનાનું ઉત્તમ ઉદાહરણ—'એવંભૂત દૃષ્ટિથી ઋજુસૂત્ર સ્થિતિ કર' છે. **શ્રીમદ્ રાજચંદ્રજી**ના પરમાર્થગંભીર સૂત્રોમાં જોવા મળે છે; પ્રભુભક્તિમાં નયઘટનાનું ઉત્તમ ઉદાહરણ **શ્રી દેવચંદ્રજી** મહામુનિના ચંદ્રપ્રભજિન સ્તવન તથા શિવગતિજિન સ્તવનમાં પ્રાપ્ત થાય છે.

× 'सुद्धो सुद्धादेशो णायव्वो परमभावदरिसीहिं ।
ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिया भावे ॥"
—**શ્રી સમયસાર**, ગાથા ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ નિષ્તુષપણે એવું અત્યંત પરિસ્ફુટ કર્યું છે કે જેથી આ નિશ્ચય-વ્યવહારના વિષયમાં કોઇને પણ કોઈ પણ પ્રકારની કંઇ પણ ભ્રાંતિ રહેવા પામે નહિં.

## ક્રિયાજડ અને શુષ્કજ્ઞાની : વ્યવહાર નિશ્ચયના આગ્રહી મતાર્થી

આમ હે ભગવન્ ! આપના મહાન અનેકાંત સિદ્ધાંતના અનન્ય પુરસ્કર્તા **અમૃતચંદ્રાચાર્યજી** જેવા મહાન્ આચાર્યોએ આપની સાપેક્ષ અનેકાંત પ્રરૂપણા શૈલી સ્પષ્ટ દાખવી છે, સ્ફુટ સમજાવી છે, છતાં કોઈ જીવો કેવળ બાહ્ય ક્રિયાના આગ્રહી-'ક્રિયાજડ' થઇ બેઠા છે, તો કોઈ કેવળ 'શુષ્કજ્ઞાની' શુકની જેમ નિશ્ચયનયની 'માત્ર શબ્દની માંય' શુષ્ક વાતો કરનારા 'વાચાજ્ઞાની' થઈ પડ્યા છે, ને પોતે મોક્ષમાર્ગ આરાધે છે એમ માની આત્મસંતોષ અનુભવે છે ! કોઇ જીવો કેવળ નિશ્ચયને જ વળગી રહી વ્યવહારનો નિષેધ કરે છે, તો કોઈ વળી વ્યવહારનો જ કદાગ્રહ કરી નિશ્ચયનો દુર્લક્ષ કરે છે, ને તે પ્રત્યેક પોતે મોક્ષમાર્ગને અવલંબે છે એમ મિથ્યા અભિમાન ધરે છે, પણ વિરોધનું મથન કરનારા અનેકાંત સ્યાદ્‌વાદની દૃષ્ટિએ તે તે એકાંતપક્ષવાદી ખોટા છે, કેવળ સ્વચ્છંદે વર્તે છે એમ જણાય છે. કારણ કે જે વ્યવહારને છોડી દઇને યથાયોગ્ય આત્મદશા વિના કેવળ નિશ્ચયને જ ગ્રહે છે, તે સાધન વિના નિશ્ચયરૂપ સાધ્યને સાધશે શી રીતે ? તે તો જ્ઞાનદશા પામ્યા નથી ને સાધનદશા છોડી દે છે એટલે તે ઉભયભ્રષ્ટ થાય છે. જે નિશ્ચયને છોડી કેવળ વ્યવહારને જ વળગ્યા રહે છે, વ્યવહારરૂપ સાધનને સાધ્ય માને છે તે તો વ્યવહારના વર્તુલમાં જ ભમ્યા કરે છે ને મધ્યબિન્દુરૂપ નિશ્ચય લક્ષ્યને ચૂકી જઇ અનંત પરિભ્રમણમાં જ ભમ્યા કરે છે પણ સર્વ વ્યવહાર સાધનને એક નિશ્ચયરૂપ મધ્યબિન્દુના લક્ષ્ય પ્રત્યે-સાધ્ય પ્રત્યે જે દોરી જાય છે, તે જ નિશ્ચયરૂપ આત્મવસ્તુની સિદ્ધિ કરે છે, તે જ પરમાર્થરૂપ મોક્ષમાર્ગને પામે છે, તે જ સિદ્ધ બની કૃતકૃત્ય થાય છે.

"અથવા નિશ્ચયનય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્‌વ્યવહારને, સાધન રહિત થાય.
જ્ઞાનદશા પામ્યો નહિં, સાધનદશા ન કાંઇ;
પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહિ.
એ પણ જીવ મતાર્થમાં, નિજ માનાદિ કાજ;
પામે નહિ પરમાર્થને, અનઅધિકારીમાં જ.
નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નોય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.".

—પરમતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત
**શ્રી આત્મસિદ્ધિ**

## ઉભયનય વિરોધ ધ્વંસિ સ્યાદ્‌વાદી જિનવચન

આમ નિશ્ચય-વ્યવહાર બન્ને નય સાપેક્ષ છે, પણ તેમાં એકાંતિક આગ્રહરૂપ નયપક્ષ ગ્રહણ કર્યો, તો તત્ત્વદર્શનની પ્રાપ્તિ દુર્લભ છે. કારણ કે મહાગીતાર્થ મહાકવિ **અમૃતચંદ્રાચાર્યજી**એ પરમ અમૃતસંભૃત સમયસારકળશકાવ્યમાં અપૂર્વ ભાવથી સંગીત કર્યું છે તેમ—'ઉભય નયના વિરોધનો ધ્વંસ કરનારા 'સ્યાત્' પદાંકિત જિનવચનમાં જેઓ સ્વયં મોહ વમી નાંખ્યો છે એવાઓ રમે છે, તેઓ શીઘ્ર અનવમ નયપક્ષથી અક્ષુણ્ણ એવી સમયસાર પરંજ્યોતિને દેખે જ છે, તેમજ-'જેઓ જ નયપક્ષપાત મૂકીને, સ્વરૂપગુપ્ત નિત્ય નિવસે છે, તેઓ જ વિકલ્પજાલથી ચ્યુત થવાથી શાંત ચિત્તવાળાઓ સાક્ષાત્ અમૃત પીએ છે.'

"उभयनयविरोधध्वंसिनि स्यात्पदांके,
जिनवचसि रमंते ये स्वयं वान्तमोहाः ।
सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-
रनवमनयपक्षाक्षुण्णमीक्षंत एव ॥

य एव मुक्त्वा नयपक्षपातं, स्वरूपगुप्ता निवसंति नित्यं ।
विकल्पजालच्युतशांतचित्ता, त एव साक्षादमृतं पिबन्ति ॥"

—મહર્ષિશ્રી અમૃતચંદ્રાચાર્યજીપ્રણીત
**સમયસારકળશ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણ મહાપર્વની ફલાકાંક્ષા

સં. : ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ – મોરબી

## પ્રવૃત્તિ-નિવૃત્તિ જ્ઞાનીની અબંધક, અજ્ઞાનીની બંધક

સ્વભાવ અને વિભાવ એ પ્રત્યેકમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ ઉભયનો સમાવેશ થાય છે. સ્વાભાવિક પ્રવૃત્તિ તે વિભાવની નિવૃત્તિ છે, વિભાવની પ્રવૃત્તિ તે સ્વાભાવિક પ્રવૃત્તિની નિવૃત્તિ છે, વિભાવની પ્રવૃત્તિને આપણે પ્રવૃત્તિ કહીએ છીએ. સ્વાભાવિક પ્રવૃત્તિને આપણે નિવૃત્તિ કહીએ છીએ. આવી નિવૃત્તિ ઉપર આપણો રાગ હોવાથી આપણે વિભાવની પ્રવૃત્તિથી નિવૃત્તિ સ્વીકારી છે. સ્વભાવમાં વિભાવનું મિશ્રણ રહે જ છે–આ મિશ્રણ તે મન છે. એ મન નાના પ્રકારના બાહ્યાભ્યંતર કારણો સાથે જોડાઈ સ્વભાવને આવરિત કરી વિભાવની દિશા તરફ પ્રવૃત્તિને વહેવડાવે છે. એ વિભાવથી મનને રોકી સ્વભાવ તરફ તેની વૃત્તિને વાળવી એટલો જ નિવૃત્તિનો કથિતાર્થ છે.

અનેક તત્ત્વોનો જેમાં સમાવેશ થાય છે, તેવા આપણે બે પદાર્થો સ્વીકારીએ. એક આત્મા, બીજો જડ.–આત્માની સ્વતંત્ર સ્વસ્વરૂપમયી પરમાનંદાનુભવરૂપ જે ક્રિયા તે આત્માની શુદ્ધ ક્રિયા કહેવાય છે અને તેને બીજા શબ્દોમાં આત્મિક પ્રવૃત્તિ કહી શકાય. જડની જડાત્મક ક્રિયા તે જડ પદાર્થની સ્વતંત્ર ક્રિયા પ્રવૃત્તિ છે. હવે આત્મા સાથે રહેલ જુનો કર્મનો સંબંધ અને તેનાથી આચ્છાદિત થયેલ આત્મગુણને લઈને આત્મા કર્માધીન બની જે ક્રિયા–એટલે પ્રવૃત્તિ કરે છે તેને વિકારી પ્રવૃત્તિ કહી શકાય. અહીં આપણે તે વિકારી પ્રવૃત્તિના બે ભેદ પાડીએ. એક કર્મપ્રાધાન્ય, કર્મોન્મુખ પ્રવૃત્તિ–બીજી આત્મપ્રાધાન્ય, આત્મોન્મુખ પ્રવૃત્તિ.

આત્મપ્રાધાન્ય, આત્મોન્મુખ પ્રવૃત્તિને આપણે શુદ્ધ પ્રવૃત્તિથી ઓળખીશું અને તદિતરને અશુભ પ્રવૃત્તિથી જાણીશું.

આપણે અશુભ પ્રવૃત્તિને અવિરતિના નામથી ઓળખાવીએ છીએ. અને શુભ પ્રવૃત્તિ બે જાતની માનીએ છીએ. એક પુણ્યાશ્રવ, બીજી સંવર. સંવરમાં વળી દેશવૃત્તિ અને સર્વવૃત્તિ એવા બે ભાગ પડે છે. સર્વવૃત્તિમાં પણ બે ભાગ–એક પ્રમત્ત અને બીજો અપ્રમત્ત. તદુપરાંત બે જાતની શ્રેણીઓ માનીએ છીએ–એક ઉપશમ, બીજી ક્ષાયિક. ઉપશમ શ્રેણીના આરોહણમાં શુભ પ્રવૃત્તિનો સમાવેશ થાય છે, અને પતન–અવતરણમાં અશુભ પ્રવૃત્તિ મનાય છે. ક્ષાયિક શ્રેણીમાં પતન માનતા નથી. એટલે તે શુભતર પ્રવૃત્તિના અંતે કેવળજ્ઞાન થાય છે.–ચૌદ ગુણસ્થાનકના આરોહણમાં કર્મસત્તાની મંદતા, અભાવ, અગર ઉપશમ મનાય છે અને પતનમાં કર્મોદય મનાય છે. કેવળજ્ઞાન તેરમા ગુણસ્થાનકે હોય છે, પણ તે સયોગી એટલે ત્યાં યોગની પ્રવૃત્તિ મનાય છે. ચૌદમું ગુણસ્થાનક અયોગી છે, એટલે છેવટની નિવૃત્તિરૂપે મનાય છે. તે ચૌદમાની પ્રાપ્તિ પહેલાં અને તેરમાને અંતે શૈલેશીકરણ આત્મા કરે છે અને તેથી યોગરુંધન કરી, એટલે યોગ-જન્ય

---

**'निशितधारं नयचक्रं'; 'અતિ દુર્ગમ નયવાદ'**

અને આ જ અનેકાંતધુરંધર અનન્ય મૌલિક તત્ત્વચિંતક **અમૃતચંદ્રસૂરિજીએ પુરુષાર્થસિદ્ધિ-ઉપાયમાં** કહ્યું છે તેમ– निशितधारं नयचक्रं'–આ તમારું નયચક્ર જો પરમાર્થ પ્રત્યયીપણે સુગૃહીત થયું તો જેમ તત્ત્વદર્શનમાં તીક્ષ્ણ પર્યાલોચનવાળું હોઈ 'નિશિતધારં'–તીક્ષ્ણ ધારવાળું છે, તેમ જો દુર્ગૃહીત થયું તો પરમાર્થ-શિર ઉચ્છેદન કરવામાં પણ 'નિશિતધારં'–તીક્ષ્ણ ધારવાળું હોય છે. આ સર્વ પરથી ફલિત થાય છે કે અલ્પમતિ દુર્મેધાઓને આ નયવાદ અતિ દુર્ગમ છે અને તેથી તે તત્ત્વનું દર્શન પણ પ્રાપ્ત થવું દુર્લભ છે, કે જેના દર્શન માટે અમે આટલી બધી તૃષા ધરાવીએ છીએ, અને 'અભિનંદન જિન દર્શન તરસીએ'નો જાપ જપીએ છીએ. (અપૂર્ણ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવૃત્તિને અટકાવી-બંધ કરી અયોગી ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે. આ બધી પ્રવૃત્તિ નિવૃત્તિ જ છે.

કોઈ પણ વસ્તુને અપનાવવી અથવા પોતાની તરફ ખેંચવી તેને 'આવૃત્તિ' કહે છે તથા કોઈ પણ વસ્તુને દૂર કરવી અથવા મનને તેથી હઠાવવું તેને 'પરાવૃત્તિ' કહે છે. પ્રથમના પ્રકારને 'રાગ' કહે છે અને બીજા પ્રકારને 'દ્વેષ' કહે છે. એ બંને પ્રકારના રાગદ્વેષ સમ્યક્ પ્રકારે જ્યાં સુધી છૂટતા નથી ત્યાં સુધી વસ્તુઓના ગ્રહણ કરવાથી તથા તેનો ત્યાગ કરવાથી, એમ બંને પ્રકારે કર્મોનો બંધ તથા તેનો યથાકાળે ઉદય થયા જ કરે છે. કારણ અજ્ઞાન અને બુદ્ધિના વિભ્રમયોગે વસ્તુઓના ગ્રહણ અને ત્યાગ બંનેમાં રાગદ્વેષ જાજવલ્ય માન બનેલો પ્રવર્તિ રહેલો છે.

વેષ્ટન એટલે બંધાવું, ઉદ્વેષ્ટન એટલે છૂટવું. એ બંને વાતો ત્યાં સુધી બની રહે છે કે જ્યાં સુધી ચિતમાં રાગદ્વેષ યા ઇષ્ટાનિષ્ટ ભાવનાપૂર્વક વસ્તુઓનો ગ્રહણ-ત્યાગ થયા કરે અને એને જ જ્ઞાની પુરુષો સંસારપરિભ્રમણ કહે છે. પ્રત્યેક વસ્તુઓના છોડવા-ધરવાની ચિંતામાં નિમગ્ન રહેવું, મૂઢ બની કર્મબંધનથી જકડાવું ઉદયકાળ પ્રાપ્ત થતાં અત્યંત મોહમુગ્ધ બની દુઃખી થવું અને અહીંથી તહીં ભવના પ્રકારે વલખાં કરવું, અર્થાત્ જન્મમરણ ધારણ કર્યા કરવા એનું જ ભવપરિભ્રમણ છે. (બીજા અર્થમાં સંસારતત્વ બોધ તત્વ કહેવાય છે.)

જીવ જેટલી પરવસ્તુના ગ્રહણ-ત્યાગની સાવધાની રાખે છે તેટલી પોતે રસપૂર્વક ગ્રહણ કરી રાખેલ રાગ-દ્વેષમય વિકલ્પોના ત્યાગની સાવધાની રાખે તો સહેજે આત્મા પરિણામ સ્થિર અને શાંત થાય.

રાગ-દ્વેષની માત્રા આત્મામાં જ્યાં સુધી બની રહે છે. ત્યાં સુધી કર્મબંધનથી છૂટવાના અવસરે પણ રાગ-દ્વેષવશીભૂત થઈ તે બંધાયા જ કરે છે અર્થાત્ કર્મબંધ છૂટવા માત્રમાં વાસ્તવિક કલ્યાણ નથી. કારણ બંધનું મૂળ કારણ દર્શનમોહ જનિત રાગદ્વેષ મોજુદ છે. એક બંધનની નિવૃત્તિ ટાણે બીજા ચિત્રવિચિત્ર બંધનો તુરત તેને જકડી લે છે. તેથી બંધનની ચિરશૃંખલા (દીર્ઘ સાંકળ) કદિ તૂટતી જ નથી અને છૂટવું એ કર્મબંધથી વાસ્તવિક છૂટકારો નથી. કર્મબંધથી વાસ્તવિક છૂટવું હોય તો ઇતસ્તતઃ આત્મપરિણામનું ભ્રમણ વા તેના કારણરૂપ કર્મબંધન સર્વથા રોકાઇ જાય અને તેનો સર્વથી પ્રબળ અને સમ્યક્ ઉપાય યથાર્થ જ્ઞાનપૂર્વક (આત્મજ્ઞાનપૂર્વક) સમપરિણતિમાં સ્થીર નિઃસત્વ કરવામાં આવે એને જ સાચી નિર્જરા (સકામ નિર્જરા) ભગવાને કહી છે, તે સિવાયની બંધ સહભાવિની અકામ નિર્જરા તો જગત આખું કરી જ રહ્યું છે.

જ્યાં સુધી રાગદ્વેષ મુખ્યપણે આત્મામાં પ્રવર્તે છે, ત્યાં સુધી જીવની સઘળી પ્રવૃત્તિ તેમ નિવૃત્તિ સંસારાર્થપણે જ થયા કરે છે અને ત્યાં સુધી નવિન કર્મબંધ પણ થયા જ કરે છે. માત્ર એક સમ્યક્ તત્વજ્ઞાન (આત્મજ્ઞાન) પ્રધાનપણે કરેલી પ્રવૃત્તિ તથા નિવૃત્તિ બંને આત્માને ઉપલક્ષીને થાય છે; તેથી તેવી પ્રવૃત્તિ તથા નિવૃત્તિ એમ બંને પ્રકારે કર્મબંધની નિર્જરા થાય છે.

મોહ (દર્શનમોહ-મિથ્યાત્વમોહ)ના ઉદયથી રાગ-દ્વેષમય પરિણામ જીવને થયા કરે છે, જેથી કોઇ વખત અશુભ કાર્યોની પ્રવૃત્તિ તથા શુભ કાર્યોની અપ્રવૃત્તિ-નિવૃત્તિ આત્માને વર્તે છે અને કદાચિત શુભ કાર્યોની પ્રવૃત્તિ તથા અશુભ કાર્યોની નિવૃત્તિ જીવ કરે છે પણ એવી મોહગર્ભિત પ્રવૃત્તિ-નિવૃત્તિવડે શુભાશુભ બંધનની વૃદ્ધિ-હાનિ જીવ અનંતકાળથી કરતો આવ્યો છે, કહ્યું છે કે-

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ,
તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષ સ્વભાવ.

—આત્મસિદ્ધિ

મોહોદય ક્ષીણ થવાથી વા અત્યંત મંદ થવાથી તત્વજ્ઞાન નિર્મળપણાને પામે છે, તથા એ સમ્યક્ તત્વજ્ઞાનના પ્રસાદથી આત્મ ઉપયોગ મોહોદય પ્રત્યે આળસે છે-નિરસપણાને ભજે છે, જેથી વિજ્ઞાનરૂપ શુદ્ધ ઉપયોગની પ્રવૃત્તિ તથા શુભાશુભ ભાવોની અપ્રવૃત્તિ અર્થાત્ નિવૃત્તિ સહેજે થાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને એવી પ્રવૃત્તિ, અપ્રવૃત્તિવડે સર્વ કર્મ સંસ્કારના આત્યંતિક ક્ષયરૂપ નિર્વાણદશાને ક્રમિક જીવ સંપ્રાપ્ત થાય છે.

પ્રથમ તો બંધ અને આત્મા ઉભયમાં અનાદિકાળથી તેના સ્વરૂપની વાસ્તવિક પ્રતીતિપૂર્વક જીવને ભેદ જ પડયો નથી. છતાં માત્ર અનુપયોગ પરિણામે બંધ અને આત્મા જુદા છે, એમ કથનમાત્ર જીવ ગાયા કરે છે અને એવી અજ્ઞાન મનોદશાયુક્તપણે કરેલી પ્રવૃત્તિ, અપ્રવૃત્તિવડે બંધનની વાસ્તવિક નિવૃત્તિ કયાંથી હોય ?

[૧]બંધ, [૨]બંધહેતુ, [૩]બધ્યમાન [૪]બંધફળ અને [૫]બંધસ્વામિ એના વાસ્તવિક સ્વરૂપને સમજ્યા સિવાય અને બંધ અને બંધફળથી વિરક્તચિત થઈ સ્વસ્વરૂપને વિષે અપૂર્વ પ્રેમ ઉલ્લસ્યા સિવાય અનાદિ બંધનની આત્યંતિક નિવૃત્તિ હોય જ નહિ. તેથી જ જ્ઞાની પુરુષો કહે છે કેઃ– અજ્ઞાન અને રાગદ્વેષયુક્ત પરિણામે કરેલી પ્રવૃત્તિ તો બંધનું કારણ થાય એ તો નિશ્ચિત છે, પણ તેવા પરિણામે કરેલી નિવૃત્તિ પણ બંધનું કારણ થાય છે; જ્યારે સમ્યગ્જ્ઞાન ( આત્મજ્ઞાન ) પરિણામે કરેલી પ્રવૃત્તિ તથા નિવૃત્તિ બંને મોક્ષનું કારણ થાય છે; એ એક તત્ત્વજ્ઞાનપૂર્વક આત્મદશાનું અપૂર્વ માહાત્મ્ય છે.

આનું આપણે માટે જ્વલંત દૃષ્ટાંત ચરમતીર્થપતિ શ્રી મહાવીર પ્રભુ પુરું પાડે છે–એ મહાપુરુષનું ઉદયાધીન પ્રવૃત્તિ કે નિવૃત્તિમય જીવન અબંધ પરિણામે વહી રહ્યું હતું. તેમનો સમયે સમયે અનંતગુણ વિશિષ્ટ આત્મભાવ વર્ધમાન હતો. તેઓએ વખતોવખત ઉપદેશદ્વારા જણાવ્યું છે કે–" હે પ્રાણીઓ ! સમય માત્ર પણ પ્રમાદ ન કરો, અને અપ્રમત અવસ્થામાં આત્માને સ્થીર કરો " અને તેથી જ શ્રી જિનાગમકથિત સ્વાનુભૂતિ લક્ષણયુક્ત સમ્યગ્દૃષ્ટિને ઉપર ઉપર થવાવાળી ગુણશ્રેણી નિર્જરામાં અસંખ્યાતગુણી નિર્જરા પ્રત્યેક સમયે થતી રહી, શુદ્ધતાની વૃદ્ધિ થઈ ચારિત્રમોહ ક્ષીણ કરવા ભણી વીર્ય ઉલ્લસી રહી. અંતિમ ફલાવંચકને સિદ્ધ–સુસિદ્ધ કરવા મથી રહ્યા હતા અને છેવટે સિદ્ધિપદને પ્રાપ્ત કર્યું હતું.

આપણે પણ હવે સત્સ્વરૂપને પામેલા યાને સિદ્ધિપદને વરેલા એ ચરમ તીર્થપતિની જેમ આપણી ચેતનાને વીર્યવતી બનાવી આ મહાપર્વમાં વિશિષ્ટ સમ્યક્નિર્જરાને પામવા ઉજમાળ બની ફલાવંચકપણે પર્યુષણપર્વ ઉજવ્યાની સાર્થકતા કરીએ.

**તા. ક.**–(૧) **બંધ**–શુભાશુભ પરિણામથી કર્મ આશ્રવ ને તેથી બંધ–ટુંકમાં સ્વસ્વરૂપના અજ્ઞાનપણામાં અશુદ્ધ ઉપયોગ થતો તે બંધ. (૨) **બંધ હેતુ**–આત્મદ્રવ્યથી ભિન્ન પરદ્રવ્ય પ્રત્યેની મમત્વબુદ્ધિ–એકત્વબુદ્ધિ, ટુંકમાં અનાત્મામાં આત્મબુદ્ધિ થવી. (૩) **બધ્યમાન**–તેથી એક ક્ષેત્રાવગાહપણે કર્મવર્ગણાનું બંધાવું. (૪) **બંધ ફળ**–તેથી સંસાર પરિભ્રમણ. (૫) **બંધ સ્વામિ**–આત્મા પોતે જ વિભાવ પરિણામથી સ્વામિ.


# બાર વ્રતની પૂજા અર્થ–સહિત

## [ તેમજ સ્નાત્રપૂજા ]

**જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા–અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી–મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના**

**લખોઃ–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાવનગરમાં ઉજવાયેલ ત્રણ પ્રસંગો

## ૧. શેઠ અનોપચંદ ગોવિંદજી ટ્રસ્ટ તરફથી શ્રી અજવાળીબેન વાંચનાલયનું ઉદ્ઘાટન

આ વાંચનાલયની ઉદ્ઘાટન વિધિ સૌરાષ્ટ્રના આગેવાન રાષ્ટ્રસેવક અને જાણીતા વકીલ શ્રી જગુભાઈ પરીખના પ્રમુખપણા નીચે તા. ૨૬–૬–૬૦ રવિવારના રોજ શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળાના મકાનમાં કરવામાં આવેલ હતી.

આ પ્રસંગે શ્રી કલ્યાણચંદ્રજી બાપાએ, શ્રી રતિલાલ દેસાઈએ, શ્રીયુત ભાઈચંદભાઈએ, શ્રી જયભિખ્ખુએ અને શ્રી શીવજીભાઈએ અને પ્રમુખ સાહેબે વાંચનાલયની ઉપયોગીતા સંબંધી સુંદર વક્તવ્યો કર્યા હતા. આ સમારંભમાં હાજરી આપવા માટે શ્રી રતિલાલ દેસાઈ અને શ્રીયુત જયભિખ્ખુ અમદાવાદથી ખાસ આવેલ હતા.

## ૨. શેઠ આણંદજી પરશોત્તમ જૈન સાર્વજનિક દવાખાનાનું ઉદ્ઘાટન

દવાખાનાના ઉદ્ઘાટન વખતે સૌરાષ્ટ્રના જાણીતા કાર્યકર અને જાણીતા વકીલ શ્રીયુત જગુભાઈ પરીખના પ્રમુખસ્થાને તા. ૧૦–૭–૬૦ રવિવારના રોજ ટાઉનહૉલમાં એક જાહેર સમારંભ યોજવામાં આવેલ હતો. ઉદ્ઘાટનવિધિ ગોહિલવાડ જીલ્લાના ચીફ મેડીકલ ઓફીસર શ્રીયુત વ્યાસ સાહેબના હસ્તે કરવામાં આવી હતી.

સમારંભ પ્રસંગે શ્રીયુત દેવેન્દ્રભાઈ દેસાઈએ, શ્રીયુત ગંગાદાસ શાહે, શ્રીયુત ભાઈચંદભાઈ શાહે, શ્રીયુત શીવજીભાઈએ, શ્રીયુત ગુલાબચંદભાઈએ, શ્રીયુત વ્યાસ સાહેબે અને શ્રીયુત પ્રમુખ સાહેબે દવાખાનાની જરૂરીઆત અંગે સુંદર વક્તવ્યો કર્યા હતા અને સાર્વજનિક દવાખાનું ઉઘાડવા માટે શેઠ આણંદજી પરશોત્તમદાસના કુટુંબીઓનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે જૈન સમાજના અગ્રગણ્ય સદ્‌ગૃહસ્થો હાજર રહ્યા હતા.

## ૩. ઇનામી મેળાવડો

ભાવનગર શ્રી જૈન ધાર્મિક શિક્ષણ મંડળ તરફથી લેવાયેલ ત્રીજી વાર્ષિક ધાર્મિક પરીક્ષામાં પાસ થયેલા બાલકો અને બાલિકાઓને ઈનામ આપવાનો એક મેળાવડો શ્રી ગુલાબચંદ લલ્લુભાઈના પ્રમુખસ્થાને શ્રી સમોવસરણના વંડામાં યોજવામાં આવેલ હતો.

તે વખતે શ્રી ચત્રભુજભાઈએ, શ્રીયુત છોટાલાલભાઈએ અને પૂ. પન્યાસજી સુબોધસાગરજી મહારાજે અને પૂ. ભુવનવિજયજી મહારાજે અને શ્રી પ્રમુખ સાહેબે ધાર્મિક શિક્ષણ અંગે સુંદર વક્તવ્યો કર્યા હતા. અને ઉત્તીર્ણ થયેલા બાલકો અને બાલિકાઓને ઇનામો વહેંચવામાં આવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156


આપની નકલ નોંધાવવાનું રખે ચૂકતા

મૂલ્ય રૂા. ચાર
અગાઉથી ગ્રાહક થનાર માટે
રૂા. સાડાત્રણ

ગ્રાહકો પૂરતી મર્યાદિત નકલો જ છપાશે

# જૈન રામાયણ

[ શ્રી ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર પર્વ-૭ મું ભાષાંતર ]

વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.

- કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજાની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
- બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ. એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.
- અગાઉથી ગ્રાહક થનાર વ્યક્તિએ રૂા. એક મોકલી આપી ગ્રાહકશ્રેણિમાં નામ નોંધાવી લેવું.
- વિશેષ નકલ મગાવનારે તેમ જ અમુક નકલોમાં સ્નેહી-સ્વજનનું જીવનચરિત્ર કે ફોટો મૂકવા ઇચ્છનાર વ્યક્તિએ પત્રવ્યવહાર કરવો.

લખો:—શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

— પ્રસિદ્ધ થઈ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો શીલીક છે —

## ચોસઠ પ્રકારની પૂજાઓ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરલતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


મુદ્રણસ્થાન : સાધના મુદ્રણાલય, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only